BRAMPTON **Service and Information Update**

# સીટી ઓફ બ્રેમ્પટને પોતાનો બ્રેમ્પટન COVID-19 મેન્ડેટરી ફેસ માસ્ક બાય-લૉ અદ્યતન કર્યો અને લંબાવ્યો

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 17, 2021) – પીલ પબ્લિક હેલ્થની સલાહ અનુસરીને, સીટી ઓફ બ્રેમ્પટને પોતાનો બ્રેમ્પટન COVID-19 મેન્ડેટરી ફેસ માસ્ક બાય-લૉ અદ્યતન કરીને તા. સપ્ટેમ્બર 30, 2021 સુધી લંબાવ્યો છે.

COVID-19 મેન્ડેટરી ફેસ માસ્ક બાય-લૉ હેઠળ, બ્રેમ્પટનમાં બધી ઇનડોર જાહેર જગ્યાઓમાં નોન-મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે. અગાઉ, સ્કાર્ફ, બંદાનાસ, નૅક ગેઈટર્સ કે નૅક વોર્મર્સ અને એક્ઝેલેશન (શ્વાસ લેવા-બહાર કાઢવા વપરાતા) વાલ્વ્સ ધરાવતા માસ્ક્સ ફેસ કવરિંગ્સ તરીકે સ્વીકાર્ય હતા. સુધારેલા બાય-લૉ હેઠળ હેવા આ પ્રકારના ફેસ કવરિંગ્સ પહેરવાની પરવાનગી હવે બિલકુલ આપવામાં આવતી નથી. તેમજ સુધારેલા બાય-લૉ હેઠળ, માસ્ક્સ માત્ર ખોરાક કે પીણું લેવા માટે જ કાઢી શકાય છે જો વ્યક્તિ તે હેતુસર એક નિર્ધારિત જગ્યાએ બેસેલી સ્થિતિમાં હોય.

રીજીયન ઓફ પીલમાં રસીકરણનો વ્યાપ વધ્યો છે ત્યારે, સમુદાયનું COVID-19 નાં સામુદાયિક ફેલાવાના ઊંચા દરો જોવાનું ચાલુ રહ્યું છે તેમજ ઝડપથી ફેલાતા વેરિયન્ટ્સનો ઉદ્ભવ એક ચિંતાકીય બાબત છે. રહેવાસીઓએ પોતાનો ભાગ ભજવવાનું, શારીરિક અંતર જાળવવાનું, સારા સ્વચ્છતાશાસ્ત્રનો મહાવરો કરવાનું અને માસ્ક્સ પહેરવાનું ચાલુ રાખવું રહ્યું જેથી ફેલાવો રોકવામાં મદદ મળે.

નોન-મેડિકલ માસ્ક્સ અને અન્ય અંગત સંરક્ષણાત્મક સાધન (પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ - PPE) નાં યોગ્ય ઉપયોગ વિશે વધુ જાણવા વેબસાઈટ જુઓ, peelregion.ca/coronavirus/prevention/#masks

ધંધાઓ અને સગવડ સંચાલકો માટે વધારાની માહિતી અને સંસાધનો વેબસાઈટ પર ઉપલબ્ધ છે, brampton.ca/masks.

COVID-19 સામે પ્રતિક્રિયા કરવામાં સીટી ઓફ બ્રેમ્પટનની અદ્યતન માહિતી મેળવવા વેબસાઈટ જુઓ, brampton.ca/COVID19.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca